# વડાપ્રધાને લોકાર્પણ કરેલ મોડાસા-રાજેન્દ્રનગર હાઈવે દિશા સૂચન બોર્ડમાં તંત્રની બેદરકારી

## રોડ પર લાગેલ બોર્ડ પર કી.મી.માં ગંભીર ભૂલ

મોડાસા, તા. ૧૦

મોડાસા-હિંમતનગર રાજ્યધોરીમાર્ગ પર મોડાસાથી રાજેન્દ્રનગર માર્ગ કરોડોના ખર્ચે નવીનીકરણ કરવામાં આવ્યું છે. ૧૪




કિમિ રોડ નું લોકાર્પણ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. નવીનીકરણ કરાયેલા રોડ પર જવાબદાર તંત્ર દ્વારા લગાવેલ દિશા સૂચન અને વાહનચાલકોમાં જાગૃતિ ફેલાવતા અને નિયમોનું પાલન કરવામાં માટે લગાવેલ બોર્ડ કોઈનેકોઈ કારણોસર ચર્ચામાં રહ્યા છે. જવાબદાર તંત્ર દ્વારા રોડથી રોડ અને રોડથી ગામ સુધીના કિમિ દર્શાવતા દિશાસૂચન બોર્ડમાં બુદ્ધિનું પ્રદર્શન કરતા હોય તેમ ભાંગરો વાટતા હોય તેમ ગામડાઓનું અને રોડથી રોડનું અંતર મનફાવે તેમ ઘટાડી દેતા તંત્રની સ્થિતિ વાહનચાલકોમાં હાસ્યાસ્પદ બની છે. જવાબદાર તંત્ર દ્વારા કિમિના અંતરમાં કરાયેલી ભૂલ તાત્કાલિક સુધારવામાં આવે તે ખુબ જરૂરી છે. હિંમતનગર બાજુ થી આવતા અજાણ્યા વાહનચાલકો દિશાસૂચન બોર્ડના આધારે સબલપુર ગામમાં ઘુસી જતા હોવાની અનેક ઘટનાઓ બની રહી છે.

મોડાસા-રાજેન્દ્રનગર ચોકડી સુધી નવીની કરણ કરાયેલા ધોરીમાર્ગપર દિશાસૂચક બોર્ડમાં અનેક ગંભીર બહાર આવી રહી છે હિંમતનગર તરફથી મોડાસા આવતા વાહનચાલકો સબલપુરથી અંદાજે ૧ કિમિ દૂર લાગેલા દિશાસૂચન બોર્ડમાં જવાબદાર તંત્રની ગંભીર બેદરકારી દાખવી હોય તેમ ત્યાંથી મોડાસાનું અંતર ૩ કિમિથી વધુ હોવા છતાં ફક્ત ૧ કિમિ દર્શાવામાં આવ્યું છે અને સબલપુરથી મોડાસા તરફ ૨૦૦ મીટરના અંતરે લગાવેલ દિશાસૂચન બોર્ડમાં ૧ કિમિ મોડાસા વાહનચાલકોમાં તંત્ર હાસ્યાસ્પદ બની રહ્યું છે અને દિશાસૂચન બોર્ડમાં દાખવેલી ગંભીર બેદરકારી સામે વાહનચાલકોમાં ભારે રોષ ફેલાયો છે. કેટલાક અજાણ્યા વાહનચાલકો સબલપુર થી ૧ કિમિ દાર્શવેલ મોડાસાના અંતરના પગલે સબલપુર ગામમાં ઘુસી જતા હોવાનું




અનેકવાર બની રહ્યું છે ત્યારે અહીંથી પસાર થતા વાહનચાલકો અને અજાણ્યા વાહનચાલકોમાં જવાબદાર તંત્ર દ્વારા લગાવેલ દિશા સૂચન બોર્ડમાં રહેલી ભૂલ તાત્કાલિક સુધારી બોર્ડ બદલાવવા માંગ પ્રબળ બની છે. વાહનચાલકોને જણાવ્યા અનુસાર રોડ પરથી પસાર થતા જવાબદાર અધિકારીઓને પણ આ ભૂલ દેખાઈ નહિ હોય તેમ આશ્ચર્ય અનુભવી રહ્યા છે.

# આજે પ્રાંતિજ ખાતે રાહુલ ગાંધીની સભા યોજાશે

## તંત્ર દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો : હજારોની સંખ્યામાં જનમેદની ઉમટી પડશે

પ્રાંતિજ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી પ્રાંતિજ ખાતે આજે સભાને સંબોધન કરવાના છે. તે માટે સભા સ્થળ ઉપર સભાને લઈને તડામાર તૈયારીઓને સવાર સુધીમાં આખરી ઓપ આપવામાં આવ્યો હતો. પોલીસતંત્ર દ્વારા પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

૨૦૧૭ ની વિધાનસભા ચૂંટણીને લઈને ભાજપ-કોંગ્રેસ દ્વારા ચુંટણીની તૈયારીઓને લઈને બન્ને પક્ષોએ વેગ પકડયો છે. ત્યારે કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી પણ આજે સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે સભા સંબોધીત કરવાના હોય તેને લઈને સભા સ્થળ ઉપર આગળની રાત્રી સુધી તડામાર તૈયારીઓને ચાલી હતી. કોંગ્રેસના ઉમેદવાર અને પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, જિલ્લા પ્રમુખ,



કોંગ્રેસ આગેવાનો પ્રાંતિજ-તલોદના તાલુકા શહેર પ્રમુખો કાર્યકરો સહિત ઉપસ્થિત રહ્યાં હતાં તો જિલ્લા પોલીસ વડા સહિત પોલીસ કાફલો પણ જોવાં મળ્યો હતો અને સભા સ્થળ સહિત આજુબાજુમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. તો ૧ પીએસઆઈ ૬ પીઆઈ ૧૨૫ પોલીસ, ૧૭ લેડીઝ પોલીસ, ૧૧૫ હોમગાર્ડ સહિતનો કાફલો સભાસ્થળ સહિત આજુબાજુમાં ગોઠવી દેવામાં આવ્યો છે અને કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીને સાંભળવા માટે પ્રાંતિજ-તલોદમાંથી હજારો ની સંખ્યા જનમેદની ઉમટી પડશે.

### મુંબઈ ખાતે પુર્વ સૈનિકોનો રી-સેટલમેન્ટ સેમિનાર યોજાશે

મહેસાણા, તા. ૧૦

મહેસાણા,પાટણ,બનાસકાંઠા અને પાટણ જિલ્લાઓમાં વસતા પુર્વ સૈનિકો, દિવંગત સૈનિકોના ધર્મપત્નીઓ માટે ૨૫ નવેમ્બરે ડાયરેકટર જનરલ રી-સેટલમેન્ટ સેમીનાર રાખવામાં આવ્યો છે. મુંબઈ ખાતે આ સેમીનાર વર્ડ ટ્રેડ સેન્ટર, કફે પરેડ, મહારાષ્ટ્ર ખાતે રાખવામાં આવેલ છે. સેમીનારમાં ઈચ્છુક પુર્વ સૈનિકોએ ડીજીઆર ઈન્ડીયાની વેબસાઈટ પર રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. આ અંગેની વધુ માહિતી માટે જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટની કચેરી, જિલ્લા સેવા સદન, બીજો બ્લોક, ત્રીજો માળ, રાજમહેલ રોડ મહેસાણાનો સંપર્ક સાધવાનો રહેશે.

### દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે ૧૪મીએ પદવીદાન સમારોહ

પાલનપુર, તા. ૧૦

દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે રાજયપાલશ્રી ઓ.પી. કોહલીના અધ્યક્ષસ્થાને દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીનો તેરમો વાર્ષિક પદવીદાન સમારંભ યોજાશે. આ પદવીદાન સમારંભના આયોજન અંગે પાલનપુર મુકામે કલેકટર આર.જે. માકડીયાના અધ્યક્ષસ્થાને જિલ્લાના અધિકારીઓની બેઠક યોજાઈ હતી. જેમાં કલેકટરે જણાવ્યું કે રાજયપાલશ્રીના કાર્યક્રમ સમયે જે તે કચેરીઓને ફાળવવામાં આવેલ ફરજ પ્રમાણે કામગીરી કરી કાર્યક્રમને સફળ બનાવીએ.

# અરવલ્લી જીલ્લામાં ભાજપ દ્વારા મહાસંપર્ક અભિયાનનો પ્રારંભ

## ભાજપ સરકારની સિદ્ધિઓ લોકો સુધી પહોચાડી લોકોને જણાવવામાં આવે છે

અરવલ્લી, તા. ૧૦

અરવલ્લી જીલ્લામાં આજે જીલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી, જીલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ હેમલતાબેન પટેલ,



ધનસુરા ગ્રામ પંચાયતના સરપંચ યશવંતભાઈ પટેલ, જીલ્લા યુવા મોર્ચાના પ્રશાંતભાઈ પટેલ, જીલ્લા ભાજપ ઉપ પ્રમુખ અતુલભાઈ બ્રહ્મભટ્ટ, અનિલભાઈ પટેલ, દેવલભાઈ ત્રિવેદી, મનહરભાઈ પટેલ, અવધેશભાઈ પટેલ સહિતના ભાજપના કાર્યકર્તાઓ દ્વારા આજે ઘેર ઘેર જઈને મહાસંપર્ક અભિયાનમાં જોડાયા હતા.

ભાજપ તા.૭ થી ૧૨ સુધી ચાલનાર આ અભિયાનમાં લોકોને ઘેર ઘેર જઈને સંપર્ક કરીને લોકોને ભાજપ સરકારની યોજનાઓ અને લોકોને ભાજપ સરકારે કરેલા કાર્યો વિષે જણાવવામાં આવી રહ્યા છે. લોકોને ૧૦૦ ટકા મતદાન કરે એ માટે પણ કહેવામાં આવી રહ્યું છે.

આજે ભાજપ દ્વારા લોકોને ભાજપ સરકારની સિદ્ધિઓ જણાવવામાં આવી હતી. ભાજપે કરેલા વિકાસના કાર્યો રસ્તા, વીજળી; રોજગારી નિબ તકો, શહેરો સુંદર બનાવ્યા, ખેડૂતોને લાભ, પાકા મકાનો આપ્યા આ બધી જાણકારી લોકોને પહોચાડવામાં આવી હતી.

# મોડાસા વિધાનસભામાં ભાજપનો ઉમેદવાર શોધવો લોઢાના ચણા ચાવવા સમાન

## ૪૦થી વધુ ઉમેદવારોની ફોજ ખડકાતાં નામ નક્કી કરવું મુશ્કેલ

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જિલ્લાની મોડાસા વિધાનસભા સીટ ભાજપના પ્રદેશ નેતાઓ માટે મુશ્કેલ બની છે. આ સીટ પર પરંપરાગત નેતા, સંગઠન,




જ્ઞાતિ કે સ્વચ્છ પ્રતિભા ધરાવતા વ્યક્તિમાંથી કોને સીટ આપવી તે ચર્ચા હાલ સમગ્ર તાલુકામાં ચાલી રહી છે. ત્યારે મોડાસા વિધાનસભાને આકસ્મિક ભાજપ ઉમેદવાર તો નહિ મળે ને ? તે ચર્ચાનો વિષય બન્યો છે.

અરવલ્લી જિલ્લાની મોડાસા વિધાનસભા બેઠક છેલ્લા ત્રણ ટર્મથી પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર સંભાળતા હતા.

લો પ્રોફાઈલ વ્યક્તિત્વ ધરાવતા આ નેતાનું છેલ્લા ૨ દાયકા સુધી કોઈજ વિકલ્પ રહ્યો ન હતો પણ કોંગ્રેસના રાજેન્દ્રસિંહ ઠાકોર ક્ષત્રિય મતો પર સવાર થઈ આ સીટ મેળવી ત્યારથી ભાજપ માટે મુરતિયો શોધવો મુશ્કેલ બન્યો છે. આ મોડાસા વિધાનસભા સીટ માટે ૪૨ થી વધુ ઉમેદવારોએ ટીકીટ માંગી છે. જેમાં સ્વચ્છ પ્રતિભા, જ્ઞાતિ, પરંપરાગત જૂનવાણી નેતાથી માંડી મહિલાઓ સામેલ છે. હવે ચાલુ સાલે કોને ટીકીટ આપવી તે ભારે મુશ્કેલ બન્યુ છે. આધારભૂત સુત્રો પાસેથી જાણવા મળ્યા મુજબ જિલ્લા પ્રમુખ રણવીરસિંહ ડાભી, પ્રફુલ્લ પટેલની ખાસ નિકટ હોવાનું ચર્ચાય છે. જ્યારે મોડાસા નગરપાલિકાના પ્રમુખ વનિતાબેનના પિતા પણ મોદીની નજીક હોવાનુ ચર્ચાય છે. તો બીજી બાજુ પ્રભુદાસ પટેલ, શામળભાઈ પટેલ, એસ.એમ. ખાંટ પણ જૂના પીઠ કાર્યકરો છે. તો મોડાસાના જાણીતા સામાજીક કાર્યકર તથા બિલ્ડર અને લીઓ, લાયન્સ સાથે જોડાયેલા સ્વચ્છ પ્રતિભાવાળા કમલેશ પટેલનું નામ પણ સ્વચ્છ પ્રતિભાની યાદીમાં છે. તો બીજી બાજુ એપીએમસીના ચેરમેન તથા જાણીતા બિલ્ડર ચંદુભાઈ પટેલની દાવેદારી પણ મજબૂત બની છે. તેઓ પણ કચ્છી સમાજનો જાણીતો ચહેરો છે. આમ મોડાસા વિધાનસભામાં એક પાસુ ધ્યાનમાં રાખી ટીકીટ આપો તો બીજુ પાસુ નકારાત્મક બને કે કેમ તે ચર્ચાનો વિષય છે. મોડાસા વિધાનસભામાં પસંદગીના માપદંડ કમલમ શું નક્કી કરે છે તે પ્રજાએ જોવું રહ્યું.

### રાહુલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મીટીંગમાં ભાગ લેશે અને લોકસંવાદ યોજશે. ત્યાંથી તેઓ ઈડર જવા નીકળશે અને બપોરે ૨-૪૫ વાગ્યે ઈડરમાં પ્રતાપ સ્કૂલ ગ્રાઉન્ડ ખાતે ફરી એકવાર કોર્નર મીટીંગ યોજી લોકોનો મત જાણશે અને તેમની સાથે ચર્ચા કરશે. એ પછી ૩-૪૦ મિનિટે તેઓ વડાલી ખાતે પહોંચશે, જયાં તેમનું સ્થાનિક આગેવાનો દ્વારા સ્વાગત કરાશે. જયારે સાંજે ૪-૧૫ વાગ્યે ખેડબ્રહ્મા ખાતે રાહુલ ગાંધી એક જાહેરસભાને સંબોધન કરશે અને લોકો સાથે સીધો સંવાદ કરશે. એ પછી સાંજે ૬-૧૫ વાગ્યે બનાસકાંઠા જિલ્લાના હાડદ ખાતે અને સાંજે ૭-૦૦ વાગ્ય અંબાજીમાં ડી.કે.ત્રિવેદી સર્કલ ખાતે રાહુલ ગાંધીનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે. રાહુલ ગાંધી સાંજે અંબાજી માતાના દર્શન કરી પૂજા-અર્ચના કરી માતાજીના આશીર્વાદ મેળવશે.

### હા, સાહેબ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અહંકાર આડે આવે છે..!! પણ યાદ રાખજો એ પણ કરશો લોકસભાની ચૂંટણી પહેલા..!!''

''અરે ભલા માણસ... અમે કરીએ એ તમે કહો કે તમે કરો ને અમે કહીએ એવા વિવાદને છોડીએ... પ્રજા માટે જે કંઈ કરવુ પડે તે બધુ જ કરવા અમારો પક્ષ તૈયાર છે... અને તમારે પણ એજ તૈયારીઓ રાખવી પડશે..!!''

''હા... અમે એજ કર્યુ છે ને એજ કરીશું... ૬૦ વરસના શાસનમાં પ્રજાને જ કેન્દ્રમાં રાખી છે... તમારા જેવું નહિ અમે કર્યું અમે કર્યું.... કે હું કરૂ હું કરૂ..!! છોડો આ વિચાર, હું કે તમે... તમારો પક્ષ કે અમારો પક્ષ સર્વોપરી નથી..! લોકશાહીમાં સર્વોપરી છે પ્રજા..!! એટલું સ્વીકારીએ તો કલ્યાણ અને વિકાસ બન્ને હાંસલ થઈ શકશે.''

- નિમિત્ત માત્ર

### ગાંધી ૧૦૦

● ૪ પાનાનું ચાલુ...

(ગ) શત્રુતા કેટલી હદ સુધી લઈ જવાય એવો સવાલ જ ન હોય. કેમ કે શત્રુતા માણસની ન જ હોવી જોઈએ. માણસનાં કૃત્યો જયારે સદાચારનાં અથવા સમાજહિતનાં વિધાતક હોય ત્યારે તે કૃત્યોની શત્રુતા કરવી જોઈએ.

(ઘ) હોદ્દા અને સત્તાથી અળગા રહેવું જોઈએ. તેનાથી વધારે સેવા થઈ શકે એવું ચોખ્ખું દેખાતું હોય ત્યારે તેનો સ્વીકાર કરાય.

આશા રાખીએ કે રોજબરોજના જીવનનો એક ભાગ બનેલા સોશિયલ મીડિયાના ઉપયોગ વખતે આપણે તા.૭મી મે, ૧૯૩૧માં 'અનુયાયીઓ' માટે યંગ ઈન્ડિયામાં આપેલી સૂચનાઓનું પાલન કરીએ.

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

# પાટીદારને ગુમરાહ કરી કોંગી મત મેળવવા રાજકારણ રમે છે

## દંભી રીતે મંદિરોમાં જવાનું શોભતુ નથી : ચૂંટણી સમયે મંદિરોમાં દર્શન કરવા ઉમટેલા રાહુલ ગાંધીને લઇ કટાક્ષ

અમદાવાદ,તા.૧૦

રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે પાસના નેતાઓ અને કોંગ્રેસ વચ્ચેની મંત્રણા નિષ્ફળ ગઈ હોવાનો ગંભીર આરોપ લગાવતાં આજે જણાવ્યું હતું કે, વાસ્તવમાં બંને પક્ષ અનામતના મુદ્દે તેઓની વચ્ચે શું ચર્ચા થઈ કે મંત્રણા થઈ તેનો કોઈ સ્પષ્ટ ફોડ જનતા સમક્ષ પાડતા નથી, બંને પક્ષ ચુપકીદી સેવીને બેઠા છે, તેનો મતલબ સાફ છે કે, મંત્રણા નિષ્ફળ ગઈ છે. કોંગ્રેસ કુલડીમાં ગોળ ભાંગવાનો પ્રયાસ કરે અને પાટીદારોને ગુમરાહ કરી કોંગ્રેસ તેઓના માત્ર મતો મેળવવા માટેનું રાજકારણ રમી રહ્યું છે. કોંગ્રેસ પાટીદારોને કોણીએ ગોળ ચોંટાડયા સિવાય બીજુ કંઇ નહી કરે. મતો મેળવવા માટે કોંગ્રેસ ચૂંટણી સુધીનો સમય કાઢવા માટેના મરણિયા પ્રયાસો કરી રહ્યું છે. નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, પાસ અને કોંગ્રેસના નેતાઓ વચ્ચેની બેઠક જો સફળ રહી હોત તો તેઓ જાહેરાત કરત પરંતુ એવું કંઈ ના થયું. પાસના નેતાઓ પણ બહુ ઉત્સાહ અને ફટાકડા સાથે કોંગ્રેસના ત્યાં પહોંચ્યા હતા પરંતુ બેઠકમાં કંઇ ભલીવાર આવ્યો નહી અને તેથી બંને પક્ષ છેલ્લા બે દિવસથી મૌન સેવીને બેઠા છે. ભાજપ તો જયારે જયારે પાસ, એસપીજી કે પાટીદાર સમાજના નેતાઓ સાથે બેઠક કરતું હતુ ત્યારે તરત જ બેઠક બાદ મીડિયાને બોલાવી તમામ વિગતો અને હકીકતો જાહેર કરતું હતુ કારણ કે, ભાજપનું મન સાફ હતુ પરંતુ કોંગ્રેસ અને પાસ બંને આવું કરવામાંથી ચૂકયા છે. પાસના નેતાઓ કોંગ્રેસની મજબૂરીનો લાભ લેવામાં માને છે તો બીજીબાજુ, કોંગ્રેસ પાટીદારોને ભોળવી તેમના મતો મેળવી લેવા માંગે છે આમ બંનેની સ્વાર્થી રાજકારણની નીતિ છે પરંતુ ગુજરાતની જનતામાં હવે બંનેનો ચહેરો ખુલ્લો પડી ગયો છે.

નીતિનભાઈ પટેલે એ મુદ્દે ધ્યાન દોર્યું કે, અમારા પાસ અને કોંગ્રેસના બંને સૂત્રોમાંથી જાણવા મળ્યું છે કે, કોંગ્રેસ ૪૯ ટકા ઉપરાંત વધારાની ૧૦ ટકા અનામતનો અલગ કવોટા આપવાની વાત કરી રહ્યું છે પરંતુ સુપ્રીમકોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, દેશમાં કયાંય પણ કોઈપણ રીતે અનામતની ટકાવારી ૫૦ ટકાથી વધવી જોઈએ નહી એટલે કોંગ્રેસ માત્ર ચૂંટણી સુધીનો સમય વીતાવવા માટે પાટીદારોનો મતો મેળવવા ઉપયોગ કરી રહી છે. દરમ્યાન રાહુલ ગાંધીના ચૂંટણી પ્રવાસ દરમ્યાન મંદિરોમાં દર્શન કરવાના હિન્દુત્વના મુદ્દા અંગે પૂછાયેલા પ્રશ્ન અંગે નીતિન પટેલે જણાવ્યું કે, અત્યારસુધી રાહુલ ગાંધીને મંદિરો યાદ આવતા ન હતા અને હવે મંદિરોમાં દેવ દર્શનાર્થે જઈને દંભી રાજકારણ કરી રહ્યા છે. ભાજપ તો ધર્મ અને સંસ્કૃતિની પરંપરાને વરેલો પક્ષ છે અને તે સાચા દિલથી મંદિરો, ધર્મસ્થાનો અને તીર્થધામોની પરંપરા જાળવીને બેઠું છે પરંતુ રાહુલ ગાંધી માત્ર રાજકીય ઉપયોગ માટે દંભી રીતે મંદિરમાં જતા હોય તો તે તેમને શોભતુ નથી. રાહુલ ગાંધીનું મંદિરોમાં દર્શન કરવાનું રાજકીય હેતુ પ્રેરિત છે. અમે તો ઈચ્છીએ છીએ કે, કોંગ્રેસ દંભી બિનસાંપ્રદાયિકતા છોડી સાચા દિલથી ધાર્મિક અને હિન્દુત્વની પરંપરા અપનાવે પરંતુ કોંગ્રેસ પરંપરાઓથી આ વાતના વિરોધમાં છે.

### રાહત વર્ષા

● અનુસંધાન પહેલાનું ચાલુ

પહેલા ૨૮ ટકાના જીએસટી સ્લેબમાં ૨૨૭ વસ્તુઓ હતી જે હવે ૫૦ થઈ ગઈ છે. જીએસટી પરિષદે આજે પોતાની ૨૩મી બેઠકમાં ૧૭૭ વસ્તુઓ ઉપર કરવેરામાં ઉલ્લેખનીય ઘટાડો કરી દીધો હતો. વિરોધ પક્ષો દ્વારા ભારે હોબાળો હાલમાં મચાવવામાં આવ્યો હતો. કેટલાક વિપક્ષી શાસિત રાજ્યો દ્વારા વ્યાપક ઉપયોગવાળી વસ્તુઓને ૨૮ ટકાની કરવેરાની જાળમાંથી બહાર કાઢીને તેને નીચેના સ્લેબમાં લાવવાની વાત કરી રહ્યા હતા. વધુ ઉપયોગવાળી ચીજવસ્તુઓને ૨૮ ટકાના સ્લેબમાં રાખવાનો વિરોધ કરવામાં આવી રહ્યો હતો. દરો નક્કી કરનાર ફિટમેન્ટ સમિતિએ ૨૮ ટકાના સ્લેબમાં આવનાર વસ્તુઓની સંખ્યાને ઘટાડીને ૬૨ કરવાની ભલામણ કરી હતી જ્યારે જીએસટી કાઉન્સિલે વસ્તુઓની સંખ્યાને ઘટાડીને ૫૦ કરી દીધી છે.

### દરોડાનો દોર

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉપરાત, તેમના પરિવારના સભ્યો, સમર્થકો તેમજ પૂર્વ મુખ્યપ્રધાન જે જયલલિતાના કોદાંદ એસ્ટેટ સહિત રાજ્યભરમાં ૮૦ સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા હતા. એમ કહેવામાં આવ્યુ છે કે આ દરોડા દેશવ્યાપી પાડવામાં આવ્યા છે.જેલમાં રહેલા શશીકલા અને તેમના સાથીઓની સાથે જોડાયેલા સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા હતા. આઈટીના અધિકારીઓએ માહિતી આપતા કહ્યુ હતુ કે અન્નાદ્રમુકના નેતા ટીટીવી દિનાકરણ , શશીકલાના ભાઈ દિવાકરણના કોટ્ટાઈ આવાસ અને તેમના સમર્થકોના આવાસ તેમજ અન્ય પ્રાંગણો પર દરોડા પાડવામાં આવ્યા હતા. આઈટીના અધિકારીઓએ શશીકલાના ભત્રીજા વિવેક જયરામનના નિવાસસ્થાને પણ તપાસ કરી હતી. જયરામન હાલમાં જયા ટીવી અને જાજ સિને ટીવીની જવાબદારી સંભાળે છે. આઈટી દ્વારા તપાસ આજે બીજા દિવસે જારી રહેતા ભારે ખળભળાટ મચી ગયો હતો. ઘણા સ્થળ ઉપર કાર્યવાહી હજુ જારી રહી શકે છે. એકલા ચેન્નાઈમાં ૧૦૦ સ્થળો ઉપર તપાસ થઇ હતી.

### પદેથી...

● અનુસંધાન પહેલાનું ચાલુ

શોધમાં યશવંતસિંહા ફરી રહ્યા છે. યશવંતસિંહાએ કહ્યું હતું કે, જે લોકો એમ કહી રહ્યા છે કે, તેઓ ૮૦ વર્ષની વયમાં નોકરી શોધી રહ્યા છે. આવા લોકોને તેઓ કહેવા માંગે છે કે, તેઓએ ક્યારે પણ સંસદમાં બેસીને બજેટ રજૂ કર્યું નથી. અત્રે નોંધનીય છે કે, પીઠમાં દુખાવાના પરિણામ સ્વરુપે જેટલી બજેટ ભાષણવેળા બેસી ગયા હતા. યશવંતસિંહાએ કહ્યં હતું કે, કાળા નાણાનો અંત આવી રહ્યો છે તેવા કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. લોકો કહે છે કે, જમ્મુ કાશ્મીરમાં પથ્થરબાજીના બનાવમાં ઘટાડો થયો છે પરંતુ આવી સિદ્ધિના દાવા કરવા જોઇએ નહીં. જીએસટીને લાગૂ કરવામાં ઉતાવળનો ઉલ્લેખ કરતા સિંહાએ કહ્યું હતું કે, વર્તમાન નાણામંત્રીએ પુરતું ધ્યાન આપ્યું ન હતું. જો ધ્યાન આપ્યું હોત તો કરવેરાના માળખામાં વહેલીતકે ફેરફારો કરવાની ફરજ પડી ન હોત. આનો મતલબ એ છે કે, વ્યવસ્થા યોગ્યરીતે કામ કરી રહી નથી. જેટલીએ જીએસટીની હાલત જેટલીના કારણે ખરાબ થઇ ગઇ છે. આમા મોટા ફેરફાર કરવાની જરૂર છે જેથી નાણામંત્રી પણ બદલવાની જરૂર છે.

### ક્વીન ચીટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. એક એજન્સીએ વિદ્યાર્થીની ભૂમિકા મામલામાં તપાસ હાથ ધરી છે. સીબીઆઈની તપાસ હવે અન્ય એક બીજા વિદ્યાર્થી પર કેન્દ્રિત થઇ ગઇ છે જે આરોપી વિદ્યાર્થીની સાથે હતો. આ વિદ્યાર્થીઓ સ્કૂલના માળી અને શિક્ષકને કહ્યું હતું કે, ટોયલેટમાં પ્રદ્યુમ્ન લોહીથી લથપથ પડેલો છે. પ્રદ્યુમ્ન હત્યા કેસમાં એક પછી એક ચોંકાવનારા ઘટસ્ફોટ થઈ રહ્યા છે. સીબીઆઈના નવા ધડાકાથી એક બાજુ બસ ક્લીનર અશોકને મોટી રાહત થઈ ગઈ છે. પ્રદ્યુમ્ન હત્યા કેસમાં કેટલીક નવી ચીજો સપાટી ઉપર હજુ પણ આવી શકે છે.

### સફાઈ અભિયાન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાંદડાઓનો કચરો પણ વધારે પ્રમાણમાં થતો હોય છે. તંત્રએ તેના અભિયાનમાં આ બધા કચરાનો આજે નિકાલ કર્યો હતો. સવારે ૮ વાગે હાથ ધરાયેલુ આ અભિયાન સાંજના પાંચ વાગ્યા સુધી ચાલ્યુ હતુ. અભિયાનની કામગીરીને જોવા માટે મનપાના અધિકારીઓની ટીમ પણ રાઉન્ડમાં નીકળી હતી.

ડિસેમ્બર સુધીમાં શહેરના તમામ સેક્ટરોને આવરીલેવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.